## આજે રાષ્ટ્રીય બાળ દિવસ


# નન્હે મુને બચ્ચે તેરી મુઠીમેં કયા હે.. ભણવાની ઉમંરે કામ કરતા બાળકોની સંખ્યા વધી એ એક ચિંતાનો વિષય

ગાંધી.તા.૧૩

તારીખ ૧૪મી નવેમ્બર, ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની જન્મજયંતિ ભારતભરમાં ઉજવવામાં આવે છે. ૧૯૫૭ની સાલથી આ દિવસની બાલદિન તરીકે ઉજવણી થાય છે. ચાચા નહેરૂ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન હતા. કહેવાય છે કે, નહેરૂજીને બાળકો અતિ પ્યારા હતા. આથી જ ચાચા નહેરૂ લાલ ગુલાબ સાથે અમનના શાંતીદૂત પણ કહેવાયા. ભારતમાં આ દિવસ સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહર લાલ નેહરૂના જન્મદિવસના અવસર પર ઉજવાય છે. કહેવાય છે કે પંડિત નેહરૂ બાળકોને ખૂબ પ્રેમ કરતા હતા આથી બાળદિવસ ઉજવવા માટે એમના જન્મદિવસ પસંદ કરવામાં આવ્યો.

વિશ્વમાં પ્રથમ વાર ૧૯૫૪ના વર્ષમાં બાળ દિવસ ઉજવવામાં આવ્યો હતો.મૂળભૂત રીતે આ દિવસની સ્થાપના બાળકોમાં સમજણ અને સાંપ્રદાયિક વિનિમયને વિકસિત કરવાના એકમાત્ર લક્ષ?ય સાથે કરવામાં આવી હતી, તેમજ સંપૂર્ણ વિશ્વમાં બાળકોના કલ્યાણને પ્રોત્સાહિત કરવાના હિતાધિકારી કાર્ય વિશે જાગૃતિ લાવવા માટે પણ કરવામાં આવી હતી.

ભારતમાં ૧૯૫૬થી બાળ દિવસ મનાવવામાં આવી રહ્યો છે પરંતુ પહેલા તે ૨૦ નવેમ્બરના રોજ મનાવવામાં આવતો હતો. પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુના મૃત્યુ બાદ તેમની જયંતિને ભારતમાં બાળ દિવસની તારીખ તરીકે પસંદ કરવામાં આવી હતી અને ત્યારથી બાળકોના પ્રિય ચાચા નહેરુના ૧૪ નવેમ્બરના રોજ જન્મદિવસને બાળ દિવસ તરીકે મનાવવામાં આવે છે.





### બાળ દિવસ સમારંભઃ

ભારતમાં બાળ દિવસ સ્કૂલો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં ખૂબ ધામધૂમથી મનાવવામાં આવે છે. બાળકોને તેમનો દિવસ ખાસ બનાવવા માટે તેમને રમકડાં, મિઠાઈ અને ઉપહાર ભેટ આપવામાં આવે છે. બાળ દિવસના પ્રસંગે સ્કૂલોમાં ફેન્સી ડ્રેસ સ્પર્ધાઓ, ભાષણ અને નિબંધ સ્પર્ધા સહિત ઘણા પ્રેરક સમારંભોનુ આયોજન કરવામાં આવે છે.

### બાળ દિવસનુ મહત્વઃ

બાળ દિવસ પર દેશના પહેલા પ્રધાનમંત્રી નહેરુજીને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા ઉપરાંત આ દિવસ બાળકોના અધિકારો, તેમની દેખરેખ અને શિક્ષણ પર વાત કરવા માટે મનાવવામાં આવે છે. ચાચા નહેરુએ કહ્યુ હતુ કે બાળકો કાલનુ ભારત બનાવશે. જે રીતે આપણે તેમનુ પાલનપોષણ કરીશુ, તે દેશનુ ભવિષ્ય નક્કી કરશે. બાળકોને વિકસવા માટે સુરક્ષિત અને પ્રેમાળ વાતાવરણ પ્રદાન સાથે વિશાળ અને સમાન તકો આપવી જોઈએ જેથી તે રાષ્ટ્રના વિકાસમાં લાંબા ડગલા ભરી શકે. બાળકનો શિક્ષિત અને સ્વસ્થ નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે, બાળ મજુરી વિરોધી કાયદાનો કડક અમલ જરૂરી.

આપણાં દેશમાં બાળ દિવસ મસ્તી અને આનંદના દિવસ તરીકે મોજ મજા કરવાનો પણ દિવસ છે. આપણાં દેશનાં બંધારણમાં પણ ૬થી ૧૪ વર્ષના તમામ બાળકોને માફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણની વાત કરી છે.આવતીકાલના નાગરીકને વિકાસની હરણ ફાળમાં તમામ પ્રકારે મદદ સાથે તેમના કલ્યાણ બાબતેના કાર્યોમાં સમાજના દરેક વર્ગે મદદરૂપ થવું જરૂરી છે. આજે ગરીબ મા-બાપના સંતાનો આર્થિક ઉપાર્જન માટે દુકાનો-રેસ્ટોરન્ટો, ચા-પાનગલ્લે કે અન્ય સ્થળે બાળ મજૂરી કરીને પૈસા મળે છે. ભણવાની ઉમંરે કામ કરતા બાળકોની સંખ્યા આપણા દેશમાં ઘણી છે. આ બાબતે કાયદો તો છે પણ અમલવારી ન થવાથી બાળ મજૂરી પ્રથા આજે પણ ચાલું છે. આજે બાળ દિવસે સૌ આ તરફ ચિંતા કરવાની જરૂર છે.બાળકોને નાગરિક તરીકે વિકસવાનો અધિકાર છે. આજે તો બધા માટે વિવિધ કાર્યક્રમો થતા હોય છે પણ બાળકો માટેના કાર્યક્રમોની અછત છે. ચિલ્ડ્રન કલબો શરૂ કરીને કલ્ચરલ અને સ્પોર્ટ્સમાં વિકાસ કરવો અને તેના રસ રૂચિ વલણોને ધ્યાને લઈને તમામ મદદ કરવી સૌની નૈતિક જવાબદારી છે.

## છોટુ વસાવાએ ટ્વીટ કરી જણાવ્યું છે કે સોમવારે તેઓ ફોર્મ ભરશે

ભરૂચ, તા.૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને એક પછી એક રાજકીય પાર્ટીઓ પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી રહી છે. પરંતુ ઝઘડિયાના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. છોટુ વસાવાએ ટ્વીટ કરી જણાવ્યું છે કે આવતીકાલે તેઓ ફોર્મ ભરશે. છોટુ વસાવાએ પોતાના ટેકેદારોને હાજર રહેવા અનુરોધ કર્યો છે. પરંતુ છોટું વસાવા કયા પક્ષમાંથી ફોર્મ ભરશે તે અંગે સસ્પેન્સ હજું અકબંધ છે. વિધાનસભાની ચૂંટણી ટાણે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં કઈને કંઈ નવું થતું રહે છે, ત્યારે ભરૂચની ઝઘડિયા બેઠકના રાજકારણમાં નવો વળાંક આવ્યો છે. છોટુ વસાવા આવતીકાલે (સોમવાર) ઉમેદવારી ફોર્મ ભરવા જશે. સાંભળીને આશ્ચર્ય થયું ને... પણ આ હકીકત છે. છોટુ વસાવાએ આ માહિતી ટ્વીટ કરીને આપી છે અને પોતાના ટેકેદારોને હાજર રહેવા માટે અનુરોધ કર્યોછે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીની રાજનીતિમાં ઝઘડિયા બેઠક હાઈ પ્રોફાઈલ બનતી જઈ રહી છે. જો છોટું વસાવા આવતીકાલે ફોર્મ ભરશે તો ઝઘડિયા બેઠકમાં પિતા-પુત્ર અને ભત્રીજા વચ્ચે જંગ થશે. પુત્ર મહેશ વસાવાએ પિતાની ટિકિટ કાપી છે, ત્યારે હવે સવાલ એવો ઉભો થાય છે કે છોટું વસાવા કંઈ પાર્ટીમાંથી ફોર્મ ભરશે? તે અંગે સસ્પેન્સ હજું અકબંધ છે.

# દિવસ અને રાતના તાપમાનમાં "સાડા સત્તર" ડિગ્રીનો તફાવત..!!

**દિવસે મહત્તમ ૩૨.૩ ડિગ્રી સામે રાત્રે લઘુત્તમ તાપમાન ૧૪.૮ ડિગ્રી નોંધાયું : લઘુત્તમ અઢી ડિગ્રીનો ઘટાડો : વિષમ વાતાવરણના કારણે શહેરીજનોને વિવિધ શારીરિક તકલીફો**



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં દિવાળીના તહેવારો બાદ ઠંડીનું જોર વધશે તેવી અપેક્ષાઓ ઠગારી નિવડી છે તેની સામે દિવસે ગરમી અને મોડી રાત્રિથી પરોઢના સમયે ઠંડીના ચમકારાને કારણે નાગરિકોને બેવડી ઋતુનો અનુભવ થઇ રહ્યો છે. આ વિષમ વાતાવરણમાં તાપમાનમાં મોટા તફાવતને કારણે શરીરને અનુકૂલન સાધવું મુશ્કેલ બનતાં શહેરીજનોમાં વિવિધ શારીરિક તકલીફોમાં વધારો થઇ રહ્યો છે અને તે સાથે મચ્છરનો ઉપદ્રવ પણ વધ્યો હોવાને કારણે પણ શહેરીજનોમાં મચ્છરજન્ય બિમારીઓનું જોર વધવાની શક્યતા જણાઇ રહી છે. આજે પણ શહેરના તાપમાનમાં સાડા સત્તર ડિગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. શહેરમાં મહત્તમ તાપમાન ૩૨.૩ ડિગ્રી સે. નોંધાયું હતું.

જેની સામે લઘુત્તમ તાપમાન અઢી ડિગ્રી જેટલું ઘટીને ૧૪.૮ ડિગ્રી સે. થઇ જવા પામ્યું છે. હવામાં ભેજનું પ્રમાણ જે સવારે ૬૧ ટકા નોંધાયું હતું જે સાંજે ઘટીને ૪૯ ટકા રહ્યું હતું.

ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક દિવસથી વાતાવરણમાં અલગ જ મિજાજ જોવા મળી રહ્યો છે.

શિયાળાની ઋતુ ચાલી રહી હોવા છતાં દિવસ દરમ્યાન ગરમીનો અનુભવ થઇ રહ્યો છે તો મોડી રાત્રે ઠંડી લાગી રહી છે, જેમાં બે દિવસ પહેલાં દિવસે ઠંડકવાળું અને હવે ફરી ગરમીવાળું વાતાવરણ સર્જાતા નાગરિકોને વિષમ આબોહવાનો અનુભવ થઈ રહ્યો છે જેના કારણે નાગરિકોને વિવિધ પ્રકારની શારીરિક તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે.

છેલ્લાં બે ત્રણ દિવસથી સર્જાયેલી વિષમ પરિસ્થિતિમાં નાગરિકોને શરદી, સળેખમ, ખાંસી, તાવ ઉપરાંત શરીરનું કળતર, માથાનો દુઃખાવો, કમર દુઃખવી, હાથ પગ તૂટવા જેવી સમસ્યાઓ સતાવી રહી છે. આ સાથે શહેરમાં મચ્છરોનુ જોર પણ વધતાં કફોડી સ્થિતિ સર્જાઇ છે કેમકે મચ્છરથી બચવા પંખો ચલાવે તો ઠંડી લાગે છે.

મચ્છરો કરડવાને કારણે મેલેરિયા-ડેન્ગ્યુ-ચિકનગુનિયા સહિતના મચ્છરજન્ય રોગ ફેલાવાનું પણ જોખમ સતાવી રહ્યું છે. શહેરમાં વધતા જતા વિષમ વાતાવરને પગલે દવાખાનાઓમાં ભીડ જોવા મળી રહી છે.

હાલ તો શહેરમાં વિષમ વાતાવરણની અસર તળે તાપમાનમાં મોટા તફાવતને કારણે નાગરિકોના શરીરને અનુકૂલન સાધવું મુશ્કેલ બની રહ્યું હોવાનું પ્રતિત થઇ રહ્યું છે.

## સુરતના ૯૦ ટકાથી વધારે ઉમેદવારો પાસે કરોડોની સંપત્તિ

સુરત, તા.૧૩

રાજ્યમાં આગામી પહેલી ડિસેમ્બરના રોજ વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આગામી સોમવારે ચૂંટણી માટે ઉમેદવારી કરવાની અંતિમ મુદત છે. સુરતમાં ભાજપ, કોંગ્રેસ, આપના જે કોઈ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તેઓએ ઉમેદવારી પત્રક સાથે એફિડેવિટ રજૂ કરી છે. આ એફિડેવિટનુ એનાલીસીસ કરતા જાણવા મળ્યું કે ૯૦ ટકા ઉમેદવારો પાસે લખલૂટ પૈસો અને કરોડોની સંપતિ છે. રાજ્ય સરકારના મંત્રી પૂર્ણેશ મોદીએ વકીલાતને પૂર્ણસમયનો વ્યવસાય ગણાવ્યો છે. પરંતુ જયારથી ધારાસભ્ય બન્યા ત્યારથી વકીલાત સ્થગિત છે અને ધારાસભ્યનું જે ભથ્થુ મળે છે એનાથી જીવન નિર્વાહ ચાલે છે. જ્યારે લિંબાયતના ધારાસભ્ય સંગીતા પાટીલે સમાજસેવાને પોતાનો વ્યવસાય ગણાવ્યો છે. સમાજસેવાના વ્યવસાયમાંથી છેલ્લાં પાંચ વર્ષમાં તેઓએ રુપિયા ૫૭ લાખની કમાણી કરી છે. જ્યારે સૌથી વધુ સંપતિ ધરાવનારા ઉમેદવારમાં આપ પાર્ટીની ટિકીટ પરથી ઉમેદવારી નોંધાવનારા પ્રકાશ કોન્ટ્રાક્ટર છે. તેઓ પાસે રુપિયા ૧૩ કરોડથી પણ વધુની સંપતિ છે, એવો નવગુજરાત સમયનો અહેવાલ છે. ચોર્યાસી બેઠકના આપના ઉમેદવાર અને પરિવર્તન ટ્રસ્ટથી જાણીતા પ્રકાશ કોન્ટ્રાક્ટરે રજૂ કરેલી એફિડેવિટમાં એવું જણાવ્યુ છે કે તેમના પર નોંધાયેલા ફોજદારી ગુનામાં એક કેસ પેન્ડિંગ છે. તેઓએ ૨૦૧૮માં મગદલ્લા રોડ પર આવેલી કલરટેક્સ કંપની દ્વારા ફેલાવાતા પ્રદુષણ સામે આંદોલન છેડ્યુ હતું. આ આંદોલનને રોયટિંગ ગણીને કેસ નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં ચાર્જશીટ ફાઈલ થઈ ચૂકી છે. તો કેટલીક કલમો ગુજરાત હાઈકોર્ટ દ્વારા કાઢી નાખવામાં આવી છે. પ્રકાશ કોન્ટ્રાક્ટરે પોતાના એફિડેવિટમાં પોતાની પાસે રુપિયા ૧૩ કરોડની મિલકતો છે. જેમાં જમીન, મકાન હોવાનો નિર્દેશ પણ એફિડેવિટમાં કર્યો છે. પ્રિન્ટિંગ પબ્લિશિંગ અને સ્ટેશનરીનો વ્યવસાય કરતા સુરત પૂર્વના ભાજપના ઉમેદવાર અરવિંદ રાણા અને તેમના પત્ની સ્મોલ સેવિંગ અને ઈન્વેસ્ટમેન્ટનો મોટો પોર્ટફોલિયો ધરાવે છે. અરવિંદ રાણા અને તેમના પત્ની વિવિધ બેંકોની કુલ ૨૮૧ એફડી ધરાવે છે. કુલ રોકાણ લગભગ ૭૭ લાખથી વધુ છે. બંને મળીને કુલ ૧૮ જેટલા એકાઉન્ટ ધરાવે છે. અરવિંદ રાણા ૧૮ મ્યુચ્યુઅલ ફંડમાં ૩૩.૫૦ લાખ અને તેમના પત્ની ૨૮ મ્યુચ્યુઅલ ફંડમાં રુપિયા ૨૪.૩૦ લાખનું રોકાણ ધરાવે છે.



ગાંધીનગરમાં હાલ કોઈ મોટો સરકારી કાર્યક્રમ ન હોઈ જાહેર સફાઈ જાણે અટકી પડી છે. જ્યાં જુઓ ત્યાં કચરાના મસમોટા ઢગલા નજરે ચઢે છે. ખાસ કરીને શોપીંગ સેન્ટરોની આસપાસ ખૂબ કચરો જોવા મળી રહ્યો છે. સેક્ટર-૧૬ માઈક્રો શોપીંગ પાસે ખુબ કચરો જોવા મળી રહ્યો છે. નજીકની કચરાપેટી પણ કચરાથી ઉભરાઈ રહી છે.

## ૧૫ નવેમ્બરથી ૨૦ નવેમ્બર વચ્ચે તાપમાન અચાનક ઘટશે

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે અને લોકો ઠંડી ક્યારે પડશે તેની રાહ જોઈ રહ્યા છે પરંતુ રાજ્યમાં પૂર્વના પવનો ફૂકાઈ રહ્યા છે.

જેના કારણે લઘુતમ તાપમાન નીચું અને મહત્તમ તાપમાન ઊંચું રહેશે. વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે અને બપોરે ગરમીનો અહેસાસ થાય છે.

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે આગામી પાંચ દિવસ છે વાતાવરણ સૂકું રહેશે મહત્તમ તાપમાન અને લઘુતમ તાપમાન પણ યથાવત રહેશે.

હવામાન નિષ્ણાંતે જણાવ્યું છે કે, નવેમ્બર મહિનામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની શરૂઆત થતી હોય છે. તે શરૂઆત થઈ ગઈ છે. ૧૫ નવેમ્બરથી ૨૦ નવેમ્બર વચ્ચે તાપમાન અચાનક ઘટી જશે. અને સારી એવી ઠંડીની શરૂઆત થઈ જશે. ૩૦ નવેમ્બર સુધી ઠંડી જળવાઈ રહેશે. અત્યારે ગુલાબી ઠંડીની શરૂઆત થઈ છે જે વહેલી સવાર અને સાંજે અનુભવાય છે. બોપરનું તાપમાન ૩૨ થી ૩૬ ડિગ્રી વચ્ચે રહે છે. રાત્રીનું તાપમાન ૧૫થી ૧૮ ડીગ્રી રહે છે. જોકે, ડિસેમ્બરના પહેલા સપ્તાહમાં કાતિલ ઠંડીનો અહેસાસ થશે. ડિસેમ્બરથી લઈ ૧૦ જાન્યુઆરી સુધી કડકડતી ઠંડી પડશે. શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ રાજ્યમાં ચૂંટણીને કારણે માહોલ ગરમ છે. ગુજરાતમાં બે તબક્કામાં મતદાન થવાનું છે.

૧ અને ૫ ડિસેમ્બરના રોજ રાજ્યમાં મતદાન થવાનું છે. ત્યારે હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીનું અનુમાન છે કે, ડિસેમ્બર મહિનાથી કડકડતી ઠંડીની શરૂઆત થઈ જશે. ૧ અને ૫ ડિસેમ્બરના પણ કડકડતી ઠંડી રહેશે.

# પેથાપુર બસસ્ટેન્ડમાં ગંદકી જ ગંદકી

**જાહેર મિલ્કતમાં નાગરિકો જ ગંદકીના દશ્યો ઉભા કરી રહ્યા છે એવા ઈસમો સામે કડક પગલા લેવાની લોકમાંગણી ઉઠી રહી છે**









ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં સમાવિષ્ટ પેથાપુર વિસ્તારમાં નાગરિકોને બેસવા માટેના બસસ્ટેન્ડની સ્થિતિ બેસવા લાયક રહી નથી. વાત છે વિકાસની અને વિકાસના વિનાશની. આવો શબ્દ વાપરવાનું કારણ આપણા જ કરદાતાઓના નાણાઓથી સરકાર દ્વારા સુવિધાઓ ઉભી કરવામાં આવે છે જેમાં આ દશ્યોમાં પેથાપુર ચોકડી ખાતેના બસસ્ટેન્ડની હાલત જોઈને લાગી રહ્યું છે કે આ તો સરાસર નાણાંનો વ્યય છે. વિકાસ એ સરકારનો મુખ્ય મુદ્દો રહ્યો છે પરંતુ સરકાર વિકાસ કર્યા પછી એને જાળવવું એને સાચવવું એનું જતન કરવું એની જવાબદારી જનતાની બને છે.

પેથાપુર બસસ્ટેન્ડમાં ગંદકી અને બેસવાની જગ્યા પણ તુટેલી પરિસ્થિતિમાં હોવાથી બસસ્ટેન્ડ પર આવતા નાગરિકોને તકલીફ પડી રહી છે. જો કે હાલમાં શિયાળાની મોસમ ચાલી રહી છે, વરસાદી માહોલ હોત તો નાગરિકોને બસની રાહ જોવા માટે ઘણી મુશ્કેલીઓ પડી શકતી. આ વિસ્તારમાં વિદ્યાર્થીઓથી લઈ કર્મચારીઓ સહિત અન્ય નાગરિકોની અવરજવર વધુ રહેતી હોય છે. સવારથી રાત્રી દરમિયાન બસોની અવરજવર જોવા મળે છે. ત્યારે નાગરિકોને અહીંયા બેસવા માટે સ્વચ્છ અને યોગ્ય બસસ્ટેન્ડ મળી રહ્યું નથી. જેમાં નાગરિકોનો જ વાંક છે અને નાગરિકોને નડી રહ્યું છે. સ્વચ્છતાની બાબતે હજી પણ નાગરિકોમાં જાગૃતિ આવી શકી નથી. જાહેર સ્થળો પર સરકારી મિલકતોનું નુકસાન કરવામાં નાગરિકો જ જવાબદાર છે. સરકાર વિકાસ કરવામાં અઢળક પૈસા ખર્ચી રહી છે. નવા નવા ગાર્ડન, ઉદ્યાન, માર્ગો, બસસ્ટેન્ડ, નવી બસો, શૌચાલયો વિગેરેની સવલતો આપે છે પરંતુ અહીંયા યોગ્ય જાળવણી ન થતા જાહેર મિલક્તોને નુકસાન થઈ રહ્યું છે. જાહેરમાં લોકો મસાલાની પીચકારીઓ ઉડાડે છે અને દિવાલો બગાડે છે. ગંદકીને ડામવા માટે કચરા પેટીઓની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે છતાં લોકો જાહેરમાં કચરો ફેંકી રહ્યા છે તેથી સ્વચ્છતાના નંબરમાં આપણે પાછળ રહ્યા છીએ. નાગરિકો સ્વયં શીસ્ત રાખીને જાહેર મિલકતોનો યોગ્ય રીતે ઉપયોગ કરશે તો નાગરિકોને ફાયદો છે. પરંતુ અમુક નાગરિકો ગંદકી દૂર થાય તેમાં સપોર્ટ કરતા નથી અને એવા લોકો સામે કડક કાર્યવાહી કરીને સ્વચ્છતાના પાઠ ભણાવવા રહ્યા. નહી તો જાહેર મિલકતોને નુકસાન થતું જ રહેશે અને પૈસાનો વ્યય થતો રહેશે.